# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. **અમદાવાદમાં ચંડોળા તળાવ પરથી બે દિવસ દરમિયાન અઢી લાખ ચોરસ મીટર ગેરકાયદે દબાણો દૂર કરાયાં હોવાનો તંત્રનો દાવો.**
2. **અમદાવાદ શહેરમાં બે વર્ષના બાળક સહિત સાત વ્યક્તિઓ કોરોનાથી સંક્રમિત**
3. **છેલ્લા 24 કલાકમાં સૌરાષ્ટ્રના સાત તાલુકાઓમાં એકથી અઢી ઈંચ સુધી વરસાદ : વિસાવદરમા સૌથી વધુ અઢી ઈંચ.**
4. **પાટણમાંથી ચારસો કીલો શંકાસ્પદ ઘીનો જથ્થ જપ્ત કરવામા આવ્યો**
5. **મહેસાણાના ધરોઈ ડેમ ખાતે ૨૩ મેના રોજ રાજ્યનો પ્રથમ 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ' યોજાશે.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# AHMEDABAD CHANDOLA DEMOLITION

અમદાવાદમાં ચંડોળા તળાવમાં બીજા તબક્કાની દબાણ હટાવ કામગીરી દરમિયાન અઢી લાખ ચોરસ મીટર જમીન ખુલ્લી કરવામાં આવી હોવાનું તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું. ત્રણ હજાર પોલીસ કર્મીઓની અભેદ્ય સુરક્ષા વ્યવસ્થા વચ્ચે હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન આઠ હજારથી વધુ કાચા પાકા મકાનો દૂર કરાયા હોવાનું ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ભરત પરમારે જણાવ્યું હતું

હવે તળાવને ઉંડુ કરી ફરીથી ગેરકાયદે મકાનો ઉભા ન થાય તે માટે દિવાલ કરાશે અને તળાવનો વિકાસ કરીને તેને હરવા ફરવાનું સ્થળ બનાવવા માટે વિકસાવાશે .

---

# CORONA

અમદાવાદ ખાતે કોરોનાના સાત કેસ નોંધાયા છે.. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા જાહેર કરાયેલી અખબારી યાદી અનુસાર શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં આ કેસ નોંધાયા છે. જેમાં બોપલ , નવરંગપુરા સહિત દાણીલીમડામાં બે વર્ષના બાળકથી લઇને 72 વર્ષના વૃધ્ધ સહિતના આ સાત દર્દીઓ સામેલ છે. , જેમની સારવાર ચાલી રહી હોવાનું મહાનગરપાલિકા દ્વારા જણાવાયું હતું. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા લોકોને તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

---

# CM SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતીકાલે યોજાશે.

વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. મુખ્યમંત્રી આ રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો સામાન્ય નાગરિકો, અરજદારો આવતીકાલે સવારે ૮-૦૦થી ૧૧-૦૦ સુધીમાં મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

મુખ્યમંત્રી આ રાજ્ય સ્વાગત અન્વયે બપોર બાદ નાગરિકોની રજૂઆતો સાંભળશે.

---

# STATE RAIN

રાજ્યના કમોસમી વરસાદ વરસી રહ્યો છે.. છેલ્લા ચોવિસ કલાકમાં સૌરાષ્ટ્રના સાત તાલુકાઓમાં સરેરાશ એકથી અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જેમાં વિસાવદરમાં સૌથી વધુ અઢી ઈંચ અને કોટણા સાંગાણીમાં બે ઈંચ તેમજ કુકાવાવ વડિયા , ગોંડલ, બગસરા જામ કંડોરણા તાલુકામાં સરેરાશ દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે.

જ્યારે નવસારી જિલ્લાના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે ગણદેવી તેમજ આસપાસના વિસ્તારમાં મોડી રાત્રે આકાશમાં વીજળી ઝબુકતી જોવા મળી હતી. સવારે 5 વાગ્યેથી વાતાવરણમાં અચાનક પલટો આવવા સાથે વરસાદનું ઝાપટું પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ હતી.

---

# WEATHER

રાજ્યમાં આજથી 7 દિવસ સુધી છુટાછવાયા સ્થળોએ સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

આજે ગીર સોમનાથ, રાજકોટ, ભાવનગર, જુનાગઢ, અમરેલી, દીવ, ભાવનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં છૂટાછવાયા વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું હતું.

**બાઇટ- એ કે દાસ , હવામાન વિભાગના વડા**

---

# SURAT CIVIL VIDEO VIRAL

સુરત નવી સિવિલ હોસ્પિટલના કેયુયુલ્ટી વોર્ડના વાયરલ વિડીઓ અંગે સ્પષ્ટતા કરતા નવી સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો.ધારિત્રી પરમારે

જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર નાગરિકોને સુદ્રઢ આરોગ્યસેવાઓ પૂરી પાડવા સતત પ્રયાસરત રહી છે.

પેટના દુઃખાવા સાથે આવેલા દર્દીને સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર પાસે રિફર કરવામાં આવ્યા હતા. એટલે કે વિડીઓ રેકોર્ડ થયા પહેલા એક તબીબ તેમને ચેક કરી ચૂક્યા હતા અને સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર પાસે રિફર કર્યા હતા. સ્પેશ્યાલિસ્ટ ડોક્ટર અન્ય દર્દીને બાજુના રૂમમાં ટાંકા લઈ રહ્યા હતા. વિડીઓ રેકોર્ડ કરનાર વ્યક્તિ દર્દીના સગા ન હતા, કોઈ ત્રાહિત વ્યક્તિ હતા.

## બાઇટ- ડો. ધાત્રી પરમાર , સુરત સિવિલ હોસ્પિટલ અધિક્ષક

---

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 25 મે-એ આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે. લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 ના માધ્યમથી મોકલી શકે છે. લોકો પોતાના વિચાર નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફ઼ોરમના માધ્યમથી પણ મોકલી શકે છે. કાર્યક્રમ માટે 23 મે સુધી મંતવ્ય અને વિચાર સ્વીકારવામાં આવશે.

---

# DUPLICATE GHEE

પાટણના બજાર ખાતેથી તંત્ર દ્વારા 405 કિલો શંકાસ્પદ ઘી નો જથ્થો સીઝ કરી તેના નમૂના ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે.

પાટણ રોડલાઇંસ ટ્રાન્સપોર્ટ ની તપાસ કરતાં ટ્રાન્સપોર્ટર પાસે થી ત્રણ દરવાજા, ઘી બજાર અને પાટણની વિવિધ ત્રણ પેઢી નો ઘી નો સ્ટોક જોવા મળતા કુલ ૫ શંકાસ્પદ ઘી ના નમૂનાઓ લેવામાં આવ્યા હતા. આશરે ૪૦૫ કિલો શંકાસ્પદ ઘી કે જેની અંદાજિત કિંમત ૨.૩૬ રૂપિયા લાખ છે, જે સીઝ કરવામાં આવ્યો હતો. તેમજ લીધેલ ઘી ના નમૂનાઓ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડસ એક્ટ 2006 હેઠળ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે

---

# DHAROI FEST

મહેસાણાના ધરોઈ ડેમ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આગામી ૨૩ મેના રોજ દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ એવા ‘ધરોઈ એડવેન્ચર ફેસ્ટ’નું ઉદ્ઘાટન કરાશે. 'એડવેન્ચર ફેસ્ટ’માં જમીન, પાણી અને આકાશમાં રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે

પ્રવાસીઓ માટે અતિઆધુનિક AC ટેન્ટ સિટી જેવી કે દરબારી ટેન્ટ, પ્રીમિયમ ટેન્ટ, ડિલક્સ ટેન્ટ સહિતના કુલ ૨૧ ટેન્ટ અને અંદાજિત ૧૦૦થી વધુ બેડની AC ડોર્મિટરીની સુવિધા પણ ઉભી કરાશે.

ગુજરાત પ્રવાસન વિભાગ અને એડવેન્ચર ટૂર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઇન્ડિયા-ATOAI દ્વારા ધરોઈ ખાતે સૌપ્રથમવાર આયોજિત આ 'એડ્વેન્ચર ફેસ્ટ'માં જમીન, પાણી અને આકાશમાં રોમાંચક અનુભવો સાથેની ૧૦થી વધુ એક્ટિવિટીઝ , રહેવા માટે અતિઆધુનિક સુવિધાઓયુક્ત AC ટેન્ટ સહિત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

---

# BK SARHADI GAM

બનાસકાંઠા જિલ્લાના ભારત-પાકિસ્તાન સરહદ નજીક આવેલા ગામોમાં સુરક્ષા વધુ સુનિશ્ચિત કરાઈ છે.

તાજેતરની પરિસ્થિતિઓને ધ્યાને લઈને વાવ અને સુઈગામ તાલુકાના આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા ગામડાઓમાં સિવિલ ડિફેન્સ સાયરન સિસ્ટમ લગાવામાં આવી હતી. આ સાયરન સાડા ત્રણ કિલોમીટરની રેન્જ ધરાવે છે.

સરહદી વિસ્તાર દુધાસણ ગામના ગૌસ્વામી ગૌતમપુરી જણાવે છે કે આ સાયરન સિસ્ટમને કારણે અમે સાવચેત રહીએ છીએ

## બાઇટ- ગૌતમ પુરી ગોસ્વામી , રહેવાસી દૂધાસણ ગામ

---

# PADMA AWARDS-NOMINATIONS

ગૃહ મંત્રાલયે પદ્મ પુરસ્કારો 2026 માટે નામાંકન મંગાવ્યા છે. નામાંકન રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ દ્વારા 31 જુલાઈ સુધી ઓનલાઈન જમા કરાવી શકાય છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે નામાંકનમાં ઉપરોક્ત પોર્ટલ પર ઉપલબ્ધ ફોર્મેટમાં નિર્દિષ્ટ તમામ સંબંધિત વિગતો હોવી જોઈએ, જેમાં વર્ણનાત્મક સ્વરૂપમાં પ્રશસ્તિપત્રનો સમાવેશ થાય છે. સંબંધિત ક્ષેત્રોમાં ભલામણ કરાયેલા લોકોની વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓને સ્પષ્ટ રીતે રજૂ કરવાની રહેશે.

પદ્મ વિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મશ્રી, દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાં સામેલ છે. 1954માં સ્થપાયેલા આ પુરસ્કારોની જાહેરાત દર વર્ષે પ્રજાસત્તાક દિવસ નિમિત્તે કરવામાં આવે છે.

---

# IPL CRICKET

આઈપીએલ ક્રિકેટમાં રાજસ્થાન રોયલ્સે ગઈકાલે રાત્રે દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ચેન્નાઈ સુપર કિંગ્સને છ વિકેટે હરાવ્યું . 188 રનના લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાન રોયલ્સે 17.1 ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કર્યો. રાજસ્થાન રોયલ્સ તરફથી યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશીએ 33 બોલમાં 57 રન બનાવ્યા હતા.

ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રવિચંદ્રન અશ્વિને 2 વિકેટ ઝડપી હતી.

અગાઉ રાજસ્થાન રોયલ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી. ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 187 રન બનાવ્યા હતા. આયુષ મ્હાત્રેએ સૌથી વધુ 43 રન બનાવ્યા હતા. રાજસ્થાન રોયલ્સ તરફથી યુધવીર સિંહ ચરક અને આકાશ મધવાલે 3-3 વિકેટ ઝડપી હતી. આકાશ મધવાલને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

આજે સાંજે 7:30 વાગ્યે મુંબઈ ઈન્ડિયન્સ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે.

---